# રાજ્યમાં આગામી ૨૩મીથી ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવ

ગાંધીનગર, તા. ૭

આગામી ૨૩ થી ૨૫ જૂન દરમ્યાન રાજ્યભરમાં શાળા પ્રવેશોત્સવ ઉજવાશે. શિક્ષણ વિભાગ દ્વારા આ ત્રિ-દિવસીય પ્રવેશોત્સવની ઉજવણીના આયોજન માટેની સૂચનાઓ પણ જારી કરી દેવામાં આવી છે.

બે વર્ષ બાદ રાજ્યમાં શાળા પ્રવેશોત્સવ ઉજવવામાં આવનાર છે. આમ તો શાળાઓ શરૂ થયાના દસ દિવસ બાદ આ પ્રવેશોત્સવ ઉજવવામાં આવનાર હોવાથી તંત્ર પણ આ અંગેની તૈયારીઓ ધીમી ગતિએ શરૂ કરશે તેમ મનાઈ રહ્યું છે.

આજે રાજ્યમંત્રી મંડળની બેઠક બાદ મંત્રીમંડળની બેઠકમાં શાળા પ્રવેશોત્સવની ઉજવણીનો નિર્ણય લેવાયો હોવાની જાહેરાત શિક્ષણમંત્રીએ કરી છે.

તેમણે જણાવ્યુ હતુ કે મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને રાજ્યકક્ષાનો પ્રવેશોત્સવ ઉજવાશે. મંત્રીમંડળના સભ્યો, સાંસદો, ધારાસભ્યો, શનદી અધિકારીઓના અધ્યક્ષસ્થાને જિલ્લામથકોએ કાર્યક્રમ યોજાશે.

આ દરેક મહાનુભાવ દિવસની ત્રણ શાળાઓની મુલાકાત લઈ ભૂલકાંઓને પ્રવેશ અપાવશે.

આ સમગ્ર કાર્યક્રમ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલ પ્રકલ્પોની કલસ્ટર કક્ષા અને તાલુકા કક્ષાએ સમીક્ષા કરવામાં આવશે. જેમાં બાળકોના નામાંકનની સ્થિતિ, ઓનલાઈન હાજરીની સમીક્ષા, ગુણોત્સવ-૨.૦ના પરિણામોની સમીક્ષા, એકમ કસોટી, સત્રાંત કસોટીની સમીક્ષા, લર્નિંગ લોસ સંદર્ભે સમયદાનમાં થયેલ કામગીરી, કોરોના કાળમાં શિક્ષણ માટે થયેલ ઓનલાઈન/ઓફલાઈન કામગીરી, શાળાઓ તથા કલસ્ટરના ડ્રોપ આઉટની સમીક્ષા તેમજ મિશન સ્કૂલ ઓફ એક્સલન્સ અંતર્ગત થયેલ કામગીરીની સમીક્ષઆ કરાશે.

# ગુડાના વિવિધ ટી પી વિસ્તારમાં કીમતી પ્લોટસની ફરતે દિવાલો ચણવામાં આવશે

### ખુલ્લા પ્લોટસમાં દબાણો વધતા ગુડાએ રૂ ૫.૧૬ કરોડના ખર્ચે ફરતે દિવાલો બાંધવાનુ નક્કી કર્યુ : અગાઉ ગુડાની બોર્ડ બેઠકમાં પણ આ મામલે ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી

ગાંધીનગર તા ૭

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળની વિવિધ નગર રચનાને અનુલક્ષી ગુડાને કપાતમાં મળેલા જમીનના પ્લોટસ પણ તગડી કીંમતના છે. જયારે ગુડા વિસ્તારમાં એકબાજુ રસ્તા ખોલવાનુ અભિયાન પણ હાથ ધરવામાં આવ્યુ છે જયારે ગુડાના પ્લોટસમાં જુદા જુદા ઠેકાણે દબાણો વધી ગયા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે જેને ધ્યાનમાં રાખી કીંમતી પ્લોટસને સુરક્ષિત કરવા માટે રૂ ૫.૧૬ કરોડના ખર્ચે દિવાલ ચણવાનો નિર્ણય લેવાયો છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા છેલ્લા કેટલાક સમયમાં ગુડાના અધિકારીઓ દ્વારા વિવિધ ટી પી વિસ્તારમાં માર્ગો ખુલ્લા કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જયારે આ દરમિયન અનેક ટી પી વિસ્તારમાં સ્થિત ગુડાના અનામત પ્લોટસમાં દબાણોનુ અસ્તિત્વ હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. જયારે આ સ્થિતિને ધ્યાનમાં રાખી દબાણ હટાવ ઝુંબેશ પણ હાથ ધરાયુ હતુ. જયારે આ સ્થિતિને નિવારવા માટે ગુડાન ચીફ એકઝિક્યુટીવ ઓથોરિટી કક્ષાએથી ગુડાને મળેલી જમીનના પ્લોટસને સુરક્ષિત કરવા માટે યોગ્ય પગલા લેવા માટે પણ તાકીદ કરાઈ હતી. ગુડાના સુત્રોમાંથી પ્રાપ્ત થતી માહીતી અનુસાર બોર્ડ બેઠક દરમિયાન પણ આ મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી. જયારે આ મામલે ગંભીરતાથી યોગ્ય કાર્યવાહી થાય તે માટે પણ વિચારણા હાથ ધરવામાં આવી હતી. જયારે દરેક પ્લોટસની ફરતે પાકી દિવાલ ચણવા તેમજ તાર ફેન્સીંગ કરી દબાણમુકત કરવા માટે ચેતવણી દર્શાવતી નોટીસ મુકવાનો પણ નિર્ણય કરાયો હતો. જો કે ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળની ઈન્ફાસ્ટ્રકચર બ્રાન્ચ દ્વારા પણ આ કામગીરી હાથ ધરવામાં આવશે. જેમાં ગુડા વિસ્તારની વિવિધ ટાઉન પ્લાનીંગ વિસ્તારમાં મહત્વના લોકેશનના પ્લોટની ફરતે પાકી દિવાલ અગર તાર ફેન્સીંગ કરીને પ્લોટને સુરક્ષિત કરવાનુ પણ આયોજન કરાયુ છે. વધુમાં જાણવા મળ્યા મુજબ આ કામગીરીને અનુલક્ષીને રૂ ૫.૧૬ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. આગામી ઓગષ્ટ મહીના સુધીમાં પ્લોટસને અનુલક્ષી દિવાલ ચણવાનુ કામ શરૂ કરવા માટે પણ આયોજન કરાયુ છે. ગુડા વિસ્તારમાં કીંમતી પ્લોટસ પર નિરિક્ષણના અભાવે દબાણો વધ્યા છે. જયારે પ્લોટસને દબાણમુક્ત રાખવા માટે ગુડાએ આખરે પ્લોટસની સુરક્ષાને અનુલક્ષી દિવાલો બાંધવાનો નિર્ણય કર્યો છે. જેનુ કામ ટુંકમાં શરૂ કરાશે.

# સે. ૨૯માં ૫૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ

### કોરોનાની ચોથી લ્હેર બિલ્લીપગે આવી રહી હોવાની લોકજીભે ચર્ચા

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરમાં કોરોનાનો આજે વધુ એક કેસ નોંધાયો છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાનો કોઈ નવો કેસ નોંધાયો નથી.

ગાંધીનગર શહેરમાં જે ગતિએ કોરોનાના કેસો મળી રહ્યા છે તેને લઈ શહેરમાં ચોથી લ્હેર બિલ્લીપગે આવી રહી હોવાની લોકજીભે ચર્ચાઓ શરૂ થઈ છે. અમદાવાદ સહિત રાજ્યમાં પણ કોરોનાના કેસો વધી રહ્યા છે. આ ઉપરાંત પડોશી રાજ્ય મહારાષ્ટ્રમાં તો કોરોનાની ચોથી લ્હેરે દસ્તક દઈ દીધી હોય તેમ મનાઈ રહ્યું છે.

ગાંધીનગર શહેરમાં આજે સે. ૨૯માં એક ૫૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ કોરોનાના હળવા લક્ષણો હોવાથી હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શૈક્ષણિક સંસ્થાઓ બાદ શહેરના વિવિધ વિસ્તારોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્ર સતર્ક બન્યુ છે. જોકે પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો તંત્રએ કર્યો છે. છેલ્લા બે મહિનામાં જ ૧૨૮ જેટલા કેસો છુટા છવાયા મળ્યા છે.

મળતી વિગતો પ્રમાણે આજે નોંધાયેલ દર્દી પણ તેની વડી કચેરી અમદાવાદની મુલાકાતે ગયા હતા તેમ જાણવા મળેલ છે. શહેરમાં નોંધાયેલા દર્દીઓમાં મોટા ભાગના દર્દીઓની ટ્રાવેલ હિસ્ટ્રી સામે આવી રહી છે જેણે તંત્રની ચિંતા વધારી છે.

ગાંધીનગર શહેરમાં આજે નોંધાયેલ કેસ સાથે એકટીવ દર્દીઓની સંખ્યા ૩૨ પર પહોંચી છે. તંત્રએ ૧૫૦થી વધુ લોકોને હોમ આઈસોલેટ કર્યા છે.

શહેરમાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા તાકીદ કરી છે.

# ગાંધીનગર મનપામાં કોરોના વોરિયર્સને સન્માનિત કરાયા

### આરોગ્યના મોટા ભાગના કર્મચારીઓ આઉટ સોર્સિંગના હોવાથી તેમને સન્માનથી વંચિત રખાતા કર્મચારીઓમાં કચવાટ




ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર મહાનગરપાલિકામાં આરોગ્ય શાખામાં ફરજો બજાવતા કોરોના વોરિયર્સને પારિતોષિકથી દૂર રાખવાના અભિગમને લઈ આઉટ સોર્સિંગ કર્મચારીઓમાં કચવાટની લાગણી ઉભી થવા પામી છે.

મનપામાં આઉટ સોર્સિંગ કર્મચારીઓ પ્રત્યે ઓરમાયુ વર્તન સત્તાધીશો રાખી રહ્યા હોવાની ચર્ચાઓ પણ થઈ રહી છે. આરોગ્યતંત્રમાં ફરજો બજાવતા મોટાભાગના કર્મચારીઓ આઉટ સોર્સિંગના છે અને તેમણે કોરોનાની ત્રણેય લ્હેરમાં દિવસ-રાત જોયા વગર પોતાની ફરજો બજાવી છે ત્યારે એક વર્ષથી પણ વધુ સમય અગાઉ થયેલા નિર્ણયની અમલવારી આજે કરી અને કોરોના વોરિયર્સ તરીકે ફરજો બજાવતા કાયમી કર્મચારીઓને સન્માનિત કરવામાં આવ્યા છે.

આજ રોજ ગાંધીનગર માહાનગરપાલિકા ખાતે કોરોનાની વૈશ્વિક મહામારી દરમિયાન પોતાના જીવને જોખમમાં મુકીને કોરોના વોરિયર્સ તરીકે સેવા આપનાર ગાંધીનગર માહનગરપાલિકાના અધિકારીશ્રીઓ તથા કર્મચારીશ્રીઓનું સન્માન કરવામાં આવ્યુ હતું. જે અંતર્ગત ગાંધીનગરના પ્રથમસેવક મેયરશ્રી હિતેષભાઈ મકવાણાના વરદહસ્તે

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા ખેતીવાડી અધિકારીની જગ્યા વર્ગ-૧ની કરાઈ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લા ખેતીવાડી અધિકારીની જગ્યા અપગ્રેડ કરવામાં આવી છે. આ જગ્યા પર વર્ગ-૧ના અધિકારીની નિયુક્ત કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લા ખેતીવાડી અધિકારી તરીકે જે.એસ. પટેલની નિયુકતી કરવામાં આવી છે તેઓ આ પહેલાં ભરૂચ, કચ્છ અને અન્ય જિલ્લામાં ફરજો બજાવી ચુક્યા છે.

જિલ્લા પંચાયતનો વિસ્તાર કરાયા બાદ જિલ્લાના શાખાધિકારીઓની જગ્યા અપગ્રેડ કરવામાં આવે તેવી માંગણી ઘણા સમય અગાઉ કરાઈ હતી. જોકે રાજ્ય સરકારે હજુ બધી જગ્યાઓ અપગ્રેડ કરી નથી.

પ્રવેશ ચાલુ
સરસ્વતિ વિદ્યાલય
પ્લોટ નં. ૬૯૭, સેક્ટર-૬/બી, ગાંધીનગર
Play Group
Jr. KG / Sr. KG
ધોરણ ૧ થી ૧૦ (ગુજરાતી મિડિયમ)
ધોરણ ૧૧/૧૨ Commerce/Arts
ઓછી ફી ● વ્યક્તિગત ધ્યાન
સંપર્ક : 9327063758 / 9904310096

ધોરણ-૧૧ અને ૧૨ સાયન્સમાં ભવ્ય સફળતા બાદ


ધો-૧૦માં ૧૩ વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ પ્રાપ્ત કરી સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરનું ગૌરવ વધાર્યું

ગાંધીનગર, તા.૬


ધોરણ-૧૧ અને ૧૨ સાયન્સમાં સમગ્ર ગુજરાતમાં શ્રેષ્ઠ પરિણામ આપી હજારો બાળકોના જીવન ઘડતર કરી ચિલોડા મુકામે આવેલી સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર નાના બાળકોનું જીવન ઘડતર કરી રહી છે અને શ્રેષ્ઠ શિક્ષણ પ્રદાન કરે છે. તેના ફળ સ્વરૂપે ધોરણ-૧૦ના માત્ર ૮૪ વિદ્યાર્થીઓમાંથી ૧૩ વિદ્યાર્થીઓ A1 ગ્રેડ અને ૧૭ વિદ્યાર્થીઓએ A2 ગ્રેડ પ્રાપ્ત કર્યો છે અને સમગ્ર ગાંધીનગર જિલ્લામાં શ્રેષ્ઠ પરિણામ પ્રાપ્ત કરે છે. ચિલોડા મુકામે કે. જી. થી ધોરણ-૧૦ ગુજરાતી મીડીયમ અને અંગ્રેજી મીડીયમ ધરાવતું ખુબ જ હરિયાળું કેમ્પસ છે. જેમાં બધી જ એક્ટિવીટી ઉપરાંત પબ્લિક સ્પિકીંગ, સ્પોકન ઈંગ્લીશ, જનરલ નોલેજ જેવા વિષયો ધોરણ-૧ થી ૮ ચલાવવામાં આવે છે અને બાળકોના સર્વાંગી વિકાસ થાય ઉપરાંત શ્રેષ્ઠ નાગરિક બને તે રીતે વિદ્યાર્થીઓને તૈયાર કરવામાં આવે છે. ઉપરાંત સાયન્સમાં વિદ્યાર્થીઓને સફળ બનાવ્યા બાદ ૧૧ અને ૧૨ કોમર્સનું પણ શ્રેષ્ઠ શિક્ષણ પ્રદાન કરવામાં આવે છે. ગાંધીનગર, દહેગામ, નરોડાથી માત્ર ૨૦ મીનીટના અંતરે આવેલું હરીયાળું કેમ્પસ વિદ્યાર્થીઓનું આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. દહેગામ, પ્રાંતિજ, તલોદ, નરોડા, ગાંધીનગરથી ખૂબ જ મોટા પ્રમાણમાં વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવવા આવે છે. ★★★

સાયન્સ અને કોમર્સમાં શ્રેષ્ઠ શિક્ષણ સાથે સાથે જીવન ઘડતર કરતી સંસ્થા : હરિયાળું કેમ્પસ આકર્ષણનું કેન્દ્ર

સહજાનંદ સ્કુલ ઓફ એચિવર ધોરણ-૧૦નું ઝળહળતું પરિણામ



| A1 | A1 | A1 | A1 | A1 | A1 | A1 | A1 | A1 | A1 | A1 | A1 | A1 | A2 | A2 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| VANJARA DIVYANG 582/600 | DESAI RACHIT 575/600 | SHAH KAVYA 574/600 | PATEL DHYAN 573/600 | PATEL AARSH 568/600 | PATEL PRATHAM 559/600 | PATEL DEVANGI 554/600 | DUGGAD JAINAM 553/600 | PATEL KRUPA 552/600 | TEKWANI NIHAL 547/600 | PATEL JAYNIL 546/600 | TRIVEDI AASTHA 546/600 | PATEL YASH 544/600 | SHAH SNEHAI 540/600 | SUTHAR HET 538/600 |



| A2 | A2 | A2 | A2 | A2 | A2 | A2 | A2 | A2 | A2 | A2 | A2 | A2 | A2 | A2 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| PANCHAL KRISH 536/600 | PATEL ADESH 528/600 | KALAL UMANG 526/600 | ACHARYA KRUNAL 525/600 | PARMAR RAJAL 524/600 | PATEL BHAVYA 520/600 | CHAUHAN PRITESH 518/600 | PATEL VED 515/600 | PATEL HIYA 512/600 | PATEL VRAJ 505/600 | PATEL AARYA 505/600 | PRAJAPATI KENIL 495/600 | ZALA ARYANSINH 495/600 | PATEL VIDITA 490/600 | PRAJAPATI VINIT 486/600 |

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com